## પેથાપુર શોભાયાત્રાનું મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા સ્વાગત કરાયું



ગાંધીનગર, તા.૧૦

પેથાપુર ખાતે રામનવમીની ધામધુમથી ઉસ્તાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. પેથાપુર યુવક મંડળ દ્વારા રામજી મંદિરથી નીકળેલી શોભાયાત્રા ગામના માર્ગો પર થી પસાર થઈ હતી. આ શોભાયાત્રામાં પેથાપુરના નગરવાસીઓ મોટીસંખ્યામાં જોડાયા હતા. આ શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત સુન્ની મુસ્લિમ જમાત પેથાપુરના પ્રમુખ યુનુસ યુસુફભાઈ પરમાર તેમજ મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શોભાયાત્રાના ભકતો માટે લીંબુ શરબત અને ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# સેકટર-૨૨ પંચદેવ મંદિર ખાતે ભવ્ય શોભાયાત્રા સાથે રામ જન્મોત્સવની ધામધુમથી ઉજવણી કરાઈ

**દિવસભર દર્શનાર્થીઓનો ઘસારો રહ્યો : શોભાયાત્રાએ શહેરના માર્ગો-સેકટરોમાં પરિભ્રમણ કર્યું : સાંજે દીપોત્સવ સાથે લોકડાયરો અને ભજન સંધ્યા યોજાયા**

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં આજે સેકટર-૨૨ ખાતેના પંચદેવ મંદિરે રામ જન્મોત્સવના પર્વ રામનવમીની ભારે ઉપરાંત સાંજના સમયે દીપોત્સવ સાથે લોકડાયરો અને ભજન સંધ્યા જેવા કાર્યક્રમો યોજાયા હતા. આજે વહેલી સવારથી જ ભાવિકોની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારે ભગવાન શ્રીરામના જયઘોષ સાથે ભવ્ય શોભાયાત્રાનું પંચદેવ મંદિરે આરતી હિન્દુ પરિષદ તથા બજરંગદળના કાર્યકર્તાઓએ ભાગ લીધો હતો અને શહેરના ભાવિકોએ પણ શોભાયાત્રાના દર્શનનો લાભ લીધો પ્રાંગણમાં લોકડાયરાનું તેમજ ભજન સંધ્યાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિષ્ણુ પનારા, ગોપાલ બારોટ,







ઉત્સાહ અને ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આજે પંચેદવ મંદિરેથી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું તે પંચદેવ મંદિરે દર્શન માટે ભીડ સાથે સતત અવરજવર રહી હતી. રામનવમી નિમિત્તે શહેરના નગરદેવતા પંચદેવ મંદિરે વિશેષ બાદ પ્રસ્થાન કરાયું હતું. શોભાયાત્રાએ નગરના મુખ્ય માર્ગો અને સેકટરોમાં પરિભ્રમણ કર્યું હતું. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં વિશ્વ હતો. પંચદેવ મંદિરે ભગવાન શ્રી રામના જન્મોત્સવને સાંજના સમયે દીપોત્સવ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ સાથે પંચેદવ મંદિરના વિક્રમ માલધારી તથા ભાવના રાણા જેવા કલાકારોએ ધૂમ મચાવી હતી જેમને સાંભળવા મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

## લાંચીયા ટાઉન પ્લાનર અને આસી. પ્લાનરને મંગળવાર સુધીના રિમાન્ડ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૧૦ સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે આવેલી નગર નિયોજકની કચેરી ખાતે ટાઉન પ્લાનર નયન નટવરલાલ મહેતા અને આસી. ટાઉન પ્લાનર સંજય ખુમાનસિંહ હઠીલા રૂ.૧૪ લાખની લાંચ લેતા ગાંધીનગર એસીબીના છટકામાં રંગેહાથ ઝડપાઈ ગયા હતા. શેરથા ખાતે આવેલા બે પ્લોટના માપ કાઢવા અને અભિપ્રાયના અવેજ પેટે રૂ.૧૫ લાખની માંગ કરી હતી. ત્યારે આ લાંચની રકમ સ્વીકારતા લાંચીયા અધિકારીઓ એસીબીના છટકામાં ઝડપાતા નગર નિયોજકની કચેરી ખાતે સન્નાટો છવાયો હતો. જયારે શહેરના લાંચીયા અધિકારીઓમાં ભયનો માહોલ છવાયો છે. એસીબીએ બંન્ને અધિકારીને પકડી પાડી કોર્ટમાં રજુ કરતા કોર્ટ દ્વારા મંગળવાર સુધીના રિમાન્ડ મળ્યા છે.

શેરથા ખાતે બે ફાયનલ પ્લોટના પઝેશન કલેકટર દ્વારા સોંપવામાં આવ્યા હતા. જે બંન્ને પ્લોટના ફાયનલ માપ માટે ફરીયાદીએ ગુડામાં અરજી કરી હતી. પ્લોટના માપ કાઢવા અને અભિપ્રાય માટે ગુડામાંથી અરજી નગર રચના અધિકારીની કચેરી બહુમાળી ભવન સેકટર-૧૧ ખાતે મોકલી આપી હતી. પ્લોટના માપ કાઢવા અને અભિપ્રાય આપવાના અવેજ પેટે રૂ.૧૫ લાખની માંગ કરી હતી. ત્યારે લાંચ લેતા અધિકારીઓ એસીબીના છટકામાં આબાદ ઝડપાઈ જતા ચકચાર મચી જવા પામી હતી. આ બંન્ને અધિકારીઓને ડીટેઈન કરી વધુ તપાસ માટે એસીબીએ કોર્ટમાં રજુ કરતા કોર્ટ દ્વારા મંગળવાર સુધીના રિમાન્ડ મળ્યા છે.

## મોટી શિહોલી ગામે ત્રિગુણી ફાર્મમાં તસ્કરો ત્રાટક્યા : રૂ.૧.૮૫ લાખની ચોરી

ગાંધીનગર, તા.૧૦

ચિલોડા નજીક મોટી શિહોલી ગામની સીમમાં ત્રિગુણી ફાર્મમાં તસ્કરો ત્રાટકયા હતા. ઘરની પાછળની જાળીનું તાળુ તોડી ઘરમાં પ્રવેશી તિજોરીનું તાળુ તોડી અંદર રહેલા રોકડા રૂ.૧.૮૫ લાખની મત્તા લઈ ફરાર થઈ ગયા છે. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ચોર શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મોટી શિહોલી ગામની સીમમાં ત્રિગુણી ફાર્મ ખાતે રહેતા માંગીલાલ ઉદાજી ગુર્જર ચિલોડા સર્કલ પાસે દહેગામ જતા માર્ગ પર ચામુંડા ચવાણા એન્ડ સ્વીટ માર્ટની દુકાન ધરાવે છે.ગતરોજ સાંજના સમયે માંગીલાલ અને તેમનો દિકરો દુકાન પર હતા તે સમયે દિકરા પીન્ટુએ તેમને જણાવ્યું કે મારા મોબાઈલ પર બહેન પ્રિયંકાન ફોન આવ્યો હતો અને કહ્યું કે ઘરે ચોરી થઈ છે. જેથી માંગીલાલ અને પીન્ટુ તાત્કાલીક ઘરે જવા માટે રવાના થયા હતા.ત્યારબાદ દિકરીએ જણાવ્યું કે હું સાજના સાડા છ વાગે ઘરનુ કામકાજ કરીને નીચે બેસવા માટે ગઈ હતી. ત્યારબાદ અડધો કલાકમાં જ મા-દિકરી ઘરે જઈને જોયુ તો ઘરની તિજોરી તેમજ કબાટ ખુલ્લા હતા. જયારે તિજોરી અને કબાટમાં રાખેલો સામાન વેર-વિખેર હાલતમાં પડ્યો હતો. તો બીજીતરફ ઘરની પાછળના ભાગે આવેલી જાળીનું તાળુ પણ ન હતું. જયારે ઉદાજીએ ઘરમાં જઈ તપાસ કરતા તિજોરીમાં રહેલા રોકડ રૂ.૧.૮૫ લાખની મત્તાની ચોર શખ્સો ચોરી કરી પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ઉદાજીએ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## તુ મારા ભાડુઆતને કેમ બોલે છે તેમ કહી મકાન માલિકે યુવકને લાફા ઝીંક્યા

ગાંધીનગર, તા.૧૦

ગોકુળપુરા ખાતે ગઈકાલે રાત્રીના સમયે મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. જોર જોરથી બુમાબુમ કરતા ભાડુઆતને સમજાવવા માટે ગયેલા પાડોશી યુવકને મકાન માલિકે તુ મારા ભાડુઆતને કેમ બોલે છે તેમ કહી ત્રણ ચાર લાફા માર્યા હતા. ત્યારબાદ મકાન માલિકના દિકરાએ ગાળાગાળી કરી ગડદાપાટુનો માર મારી માથાના ભાગે ધોકો મારતા ઈજા પહોંચી હતી. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરને અડીને આવેલા ગોકુળપુરા રબારીવાસ ખાતે સોનલબેન સંજયભાઈ રબારી પોતાના પરિવાર સાથે રહે છે. જયારે તેમની પાડોશમાં ગેમરભાઈ રબારીનું મકાન આવેલું છે, જે મકાન ભાડે આપેલ છે. ગતરોજ રાત્રીના સાડા દશ વાગ્યાના સમયે ફરીયાદીનો પરિવાર ઘરે હાજર હતો. તે દરમિયાન બાજુના મકાનમાં ભાડેથી રહેતા ભાડુઆતો ઘરની બહાર જોર જોરથી બુમો પાડતા હતા. જેથી ફરીયાદીના પતિ સંજય રબારી તેઓને સમજાવવા માટે ગયા હતા. તે સમયે મકાન માલિક ગેમરભાઈ રબારીએ આવીને સંજય ભાઈને ગાળાગાળી કરી બે ત્રણ લાફા ઝીંકી દીધા હતા. ત્યારબાદ તેઓ કહેતા હતા કે મારા ભાડુઆતને કેમ બોલે છે. આ બંન્ને વચ્ચે બોલાચાલી થઈ રહી હતી તે સમયે ગેમરભાઈનો દિકરો વિવેક આવી પહોંચતા ભાડુઆતનું ઉપરાણુ લઈ સંજય રબારીને ગડદાપાટુનો માર મારી માથાના ભાગે ધોકો મારી દીધો હતો.જેથી સંજયભાઈને માથામાંથી લોહી નીકળતા અને હોહા થતા આસપાસમાંથી નાગરીકો આવી પહોંચતા વધુ મારમાંથી છોડાવ્યા હતા. જયારે જતા જતા મારા ભાડુઆતને કંઈ બોલ્યો છે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જયારે ઈજાગ્રસ્તને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જયાં માથાના ભાગે ટાંકા લઈ વધુ સારવાર માટે અમદાવાદ ખસેડાયા હતા. જયારે બનાવ અંગે સોનલબેન રબારીએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ઘ-૧ થી ઘ-0 વચ્ચે શાકભાજીની લારીને એકટીવા ટકરાતા મહિલાને ઈજા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં ખુલ્લા અને પહોંળા માર્ગો પર માર્ગ અકસ્માત બનવોનો સિલસિલો યથાવત છે. ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે બેફામ દોડતા વાહનો ગમે ત્યારે અકસ્માત નોંતરે છે. ગત તા.૭ ના રોજ રાત્રે ઘ-૧ થી ઘ-0 તરફના માર્ગ પર પુર ઝડપે આવતા એકટીવા ચાલકે શાકભાજીની લારી સાથે ટકરાયો હતો. આ અકસ્માતમાં લારી ચાલક મહિલાને હાથના ભાગે ઈજા પહોંચી હતી. આ મામલે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રોના જણાવ્યા મુજબ સેકટર-૩ ન્યું છાપરા વિસ્તારમાં રહેતા સવજીભાઈ પટ્ટણીના પત્ની શાકભાજીની લારી ચલાવે છે. ગત તા.૭ એપ્રિલના રોજ રાત્રીના સમયે કોકિલાબેન તેમની લારી દોરીને સેકટર-૬ થી ઘ-૧ થી ઘ-0 તરફ જવાના માર્ગ પર જઈ રહ્યા હતા.તે સમયે રાત્રીના દશ વાગ્યાના સુમારે બેફામ આવતા એકટીવા નં. જી.જે.૧૮.સી.કે.-૮૧૨૪ના ચાલકે લારી સાથે અકસ્માત કર્યો હતો. એકટીવા લારી સાથે ટકરાતા લારી ચાલક કોકિલા બેનને હાથની આંગળીના ભાગે ઈજા થઈ હતી. જયારે અકસ્માતના અંતે એકટીવા ચાલક સ્થળ પરથી નાસી ગયો હતો. જયારે ઈજાગ્રસ્ત કોકિલાબેનને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. બનાવ સંદર્ભે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા નવરાત્રીમાં કન્યા પૂજન



ગાંધીનગર, તા. ૧૦

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ઉત્તર ત્રીપુરાના આનંદ બજાર વિસ્તારમાં પહેલીવાર નવરાત્રીનો કાર્યક્રમ યોજાયો હતો.

ત્યાંના મંદિરમાં યોજાયેલ કાર્યક્રમમાં ૧૨ કન્યાનું પૂજન કરી, ભેટ આપી પ્રસાદ આપવામાં આવ્યો હતો. જેમાં ગામના માણસોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં સંસ્થા સાધક રત્નમણી સાથે રહી કાર્ય સંપન્ન થયુ હતુ.

## અક્ષરધામ ગેટ પાસે ચાલતા જતા યુવકને બાઈક ચાલકે ટક્કર મારતા ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૧૦

અક્ષરધામ મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર થી નમસ્તે સર્કલ તરફ જતા માર્ગ પર સામાન્ય આગળ સાંજના સમયે યુવકને પાછળથી બાઈક ચાલકે ટક્કર મારી હતી. યુવક જમીન પર પટકાતા તેને માથાના ભાગે તેમજ હાથે પગે ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ અને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ જવાયા હતા. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાનીબેન જીતેન્દ્રસિંગ સેંગર છેલ્લા ૨૦ વર્ષથી અમદાવાદ ચાંદખેડા ખાતે રહે છે. ઉતરપ્રદેશથી ફરીયાદીના ઘરે તેમના ભાઈ અને ભાભી આવ્યા છે. જેઓને ગાંધીનગર અક્ષરધામ દેખાડવા માટે બપોરે ગામના જ યુવકની રીક્ષામાં નીકળ્યા હતા. ગાંધીનગર અક્ષરધામ આવી રીક્ષા પાર્કિંગમાં મુકી મંદિરમાં દર્શન કરવા માટે ગયા હતા. જયારે સાંજના સમયે અક્ષરધામની બહાર આવી પાર્કિંગ તરફ ચાલતા ચાલતા જઈ રહ્યા હતા. તે સમયે અક્ષરધામના મેઈન ગેટ થી નમસ્તે સર્કલ તરફ જતા માર્ગ પર સામાન્ય અંતરે પહોંચતા જ રીક્ષા ચાલક સોનું સીંગને બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી બાઈક ચાલકે પાછળથી ટક્કર મારી હતી. જેથી સોનુસીંગ નીચે પટકાતા શરીરે તેમજ માથાના ભાગે ઈજા થતા લોહી વહી રહ્યું હતું. જયારે બાઈક નં જી.જે.૧૮.સી.કે.-૭૯૩૦ ચાલક પણ ત્યાં પડી ગયો હતો. જયારે અકસ્માત થતા રાહદારીઓ મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. ઈજાગ્રસ્તને સારવાર માટે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા. જયાં ડોકટરે સારવાર કરી જમણા પગે ફ્રેકચર તેમજ માથાના ભાગે અને શરીરે વત્તી ઓછી ઈજા થઈ હોવાનું જણાવી વધુ સારવાર માટે ઈજાગ્રસ્તને અમદાવાદ સિવિલ ટ્રાન્સફર કર્યા હતા.જયારે બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે બાઈક ચાલક સામે ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**આશરે ૪૦ લાખ રૂપિયાના તેલનો ઉપયોગ કરાશે**

# હનુમાન જયંતિની તૈયારી : ૧૨૦૦ વર્ષ જૂના ડભોડીયા હનુમાનજી મંદિરે ૨૪ હજાર કિલો તેલનો અભિષેક કરાશે



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સુપ્રસિદ્ધ ડભોડીયા હનુમાનજી મંદિરે આગામી ૧૬ એપ્રિલના રોજ હનુમાન જયંતિ મહોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. હનુમાન મંદિર દ્વારા બે વર્ષ બાદ ઉજવણી કરવામાં આવનાર હોવાથી ગ્રામજનો અને લાકો ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પોલીસ અને સ્વયંસેવકોના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે તેલનો અભિષેક કરવા માટે ભક્તો દ્વારા તેલના ડબ્બાની નોંધણી કરાવવામાં આવી રહી હતી. ૧૧૦૦ ડબ્બાનો મહા અભિષેક કરવાનું આયોજન હતું. શનિવાર સુધીમાં મંદિર ખાતે ૧૧૦૦ થી





કોરોના મહામારી બાદ બે વર્ષ પછી હનુમાન જયંતિની ભવ્ય ઉજવણી માટે મંદિર તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ૧૬મીએ હનુમાનદાદાને ૧૬૦૦ ડબ્બા તેલનો અભિષેક કરવામાં આવશે. ઉપરાંત આ વર્ષે બે લાખથી વધુ ભાવિ ભક્તો હનુમાનદાદાના દર્શન કરવા આવશે તેવું મંદિરના આયોજકોની ધારણા છે. સુપ્રસિદ્ધ ડભોડીયા હનુમાન જયંતિની ઉજવણી કરવામાં આવશે. ડભોડા હનુમાનજી મંદિરે ડભોડીયા દાદા ઉપર તેલનો મહા અભિષેક કરવાનું અનેરૂ મહત્વ છે. હજારો ભક્તો દ્વારા દર હનુમાન જયંતિએ હજારો લીટર તેલનો અભિષેક કરવામાં આવતો હોય છે. છેલ્લે વર્ષ ૨૨ હજાર લીટર તેલનો અભિષેક કરવામાં આવ્યો હતો. આ વર્ષે પણ ડભોડીયા હનુમાનજી દાદા ઉપર પણ વધુ તેલના ડબ્બા અગાઉમાં જ બુક કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યુ હતુ. આગામી ત્રણ-ચાર દિવસના સમયગાળામાં વધુ ૫૦૦ ડબ્બાનું બુકીંગ થવાની ધારણા મંદિર મંડળ દ્વારા કરવામાં આવી હતી. હનુમાન જયંતિએ તેલના ડબ્બાના મહા અભિષેક કર્યા બાદમાં તેલના જથ્થાને વ્યાજબી ભાવે જરૂરિયાતમંદોને મંદિર દ્વારા વિતરણ કરવામાં આવતું હોય છે. સસ્તા ભાવે મળતા તેલથી અનેક જરૂરિયાતમંદો લાભ લે છે. તેલના ડબ્બાનો અભિષેક મંદિરના પૂજારીઓ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ વિધાનથી કરવામાં આવતો હોય છે. મંદિરે રાજ્યભરમાંથી બે થી અઢી લાખ ભક્તો દર્શનાર્થે આવશે તેવી ધારણા છે. આ દિવસે ભવ્ય શોભાયાત્રા પણ કાઢવામાં આવનાર છે.

### ૧૨૦૦ વર્ષ જૂનું છે ડભોડિયા હનુમાનજી મંદિર

ડભોડિયા હનુમાનજી મંદિર ૧૨૦૦ વર્ષ જુનું છે અને દાદાની મૂર્તિ સ્વયંભૂ પ્રગટ થયેલી છે. મોગલ શાસન દરમ્યાન પાટણ પર અલ્લાઉદ્દિન ખીલજીએ ચઢાઈ કરતા પાટણના રાજાએ અહીંના ગાઢ જંગલોમાં આશ્રય લીધો હતો. તે સમયે અહીં દેવગઢનું ગાઢ જંગલ હતું. ડભોડામાં અંગ્રેજ સમયમાં રેલ્વેલાઈન પાથરતી વખતે અંગ્રેજોને ડભોડા દાદાનો ચમત્કાર મળ્યો હોવાની લોકવાયકા પ્રચલિત છે. ત્યારથી કહેવાય છે કે હિન્દુ દેવીદેવતામાં આસ્થા અને શ્રદ્ધા ન રાખનારા અંગ્રેજો પણ હનુમાનદાદાના ચમત્કારને માનતા થઈ ગયા હોવાની માન્યતા છે. જુના જમાનામાં ડભોડાનું નામ દેવગઢ હતું. આ સ્થળે જંગલ વિસ્તાર હતો. માલધારીઓ ગાયો ચરાવવા આવતા હતા. ગાયોમાંથી એક ટીલડી નામના ગાય રોજ આ સ્થળ ઉપર દૂધ ઝરી જતી હતી. ગાય જ્યાં દૂધ ઝરતી હતી તે સ્થળે ખોદકામ કરાવીને તપાસ કરાવવામાં આવતા અંદરથી સ્વયંભૂ ડભોડીયા હનુમાનજી દાદાની મૂર્તિ પ્રગટી હતી. જે આજના સ્થળે દાદાનું નાનુ મંદિર વર્ષો પહેલા હતુ. જે સમયાંતરે વિકાસ પામતુ ગયુ અને આજે ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામો પૈકીના મંદિર તરીકે ખ્યાતી પામ્યું છે.

## ખૂણેખાંચરેથી

● એલ.આર.ડી.ની પરીક્ષાને પગલે શહેરની શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ ચાંપતો પોલીસ બંદોબસ્ત રખાયો હતો.

● એલ.આર.ડી.નું પેપર સરળ અને લેન્ધી હોવાથી પરીક્ષાર્થીઓમાં મિશ્ર લાગણીઓ જોવા મળી.

● ગાંધીનગર શહેરમાં આજે ગરમીનું જોર ઘટ્યુ હતુ જોકે પવનના સુસવાટાઓથી લોકોએ રાહત અનુભવી હતી.

● દહેગામ તાલુકાની અહમદપુર પ્રા. શાળાના ધો. ૮ના વિદ્યાર્થીઓને વિદાય અને શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

● વાસણિયા મહાદેવ ખાતે ચૈત્ર માસને લઈ રામકથાનું આયોજન કરાયુ છે.

● માણસા તાલુકાની ઈટાદરા જિલ્લા પંચાયત બેઠકના ભાજપના કાર્યકરોની આજે ટિફિન બેઠક યોજાઈ હતી.

● ગાંધીનગર શહેર જિલ્લામાં ૧૫ થી ૧૭ એપ્રિલ દરમ્યાન લગ્નોની મોસમ પૂરબહારમાં ખીલશે.

● કલોલ સ્વામિનારાણ મંદિરનો સાતમો પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

● પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજનો વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો.

● શહેર ભાજપ દ્વારા ટિફિન બેઠકો અને બુથ સમિતિઓની બેઠકોનો દોર ચાલી રહ્યો છે.

## રોટરી ક્લબ ગાંધીનગરની મુલાકાતે ડીસ્ટ્રીક્ટ ગવર્નર અશોક મંગલ

ગાંધીનગર, તા. ૧૦

રોટરી ડિસ્ટ્રીક્ટ ૩૦૫૪ના ડિસ્ટ્રીક્ટ ગવર્નર અશોક મંગલે રોટરી ક્લબ, ગાંધીનગરની સત્તાવાર મુલાકાત લઈને સેવાકીય કામગીરીની સમીક્ષા કરી હતી. આ પ્રસંગે અશોક મંગલે સભ્યોને સંબોધતા પોલીયો નાબૂદી પછી નિરોગી અને સશક્ત બાળકના ઘડતર ઉપર વિશેષ ભાર મુકયો હતો. આસીસ્ટંટ ગવર્નર કે.એલ. મહેશ્વરીએ સભ્ય સંખ્યા વધારી સેવાકીય પ્રવૃત્તિઓનું ફલક વધારવા વિનંતી કરી



હતી. ફિઝીયોથેરાપી સેન્ટર અને જેનરીક મેડીકલમાં દર્દીઓને મળતી સુવિધા અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમના પ્રારંભમાં રોટરી ક્લબ ગાંધીનગરના પ્રમુખ ગુલામ એમ. હરસોલીયાએ સ્વાગત પ્રવચન, સેક્રેટરી ડૉ. નીના ગણેશને ક્લબ દ્વારા કરવામાં આવેલી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની માહિતી આપી આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં ક્લબ ટ્રેઈનર ડૉ. ધર્મેન્દ્ર પટેલ, સફળ સંચાલન પૂર્વ આસીસ્ટંટ ગર્વનર જશવંત ગાંધી, રોટરી ક્લબ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ જેમાં વિનોદભાઈ રાદડીયા, કિરણભાઈ પટેલ, નીતિનભાઈ પડારીયા, જય પડારીયા, ભારત જૈન, અલકાબેન પટેલ, પારસ ઉચાટે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે પૂર્વ પ્રમુખ કમલ જૈન, કેતન મહેતા, દિનેશસિંહ ચાવડા, જીતેન્દ્ર પટેલ, કુલદીપ જૈન, ડૉ. ગુંજન જૈન વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.